શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ

॥ सुयं मे आउसं ॥

વિક્રમ સંવત ૨૦૭૯ • વર્ષ-૭ • અંક-૨ • ઓક્ટોબર-૨૦૨૩

## સમ્યગ્દર્શન

-શ્રુતરત્ન પૂ. ગણિવર શ્રી વૈરાગ્યરતિવિજયજી મ.સા.

જીવન વર્તુળ જેવું છે. તે ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. એક ભાગ વ્યાવહારિક જીવનનો છે, બીજો ભાગ પારિવારિક જીવનનો છે અને ત્રીજો ભાગ અંતરંગ જીવનનો છે.મોટા ભાગના માણસો પહેલા બે પ્રકારના વ્યાવહારિક જીવન અને પારિવારિક જીવનમાં જ સમય પસાર કરે છે. અંતરંગ જીવન વિષે કોઇને ખબર નથી. લોકો વ્યવહાર અને પરિવારમાં એટલા વ્યસ્ત છે કે તેમને પોતાની જાત વિષે માહિતી મેળવવાનો સમય જ નથી. આપણે આપણી જાત વિષે જાણીએ છીએ કે નહીં તે જાણવા પોતાને ત્રણ સવાલ કરો-

હું કોણ છું? (Who am I?)

હું અહીં શા માટે છું? (Why am I Here?)

હું અહીં શું કરી રહ્યો છું? (What am I doing here?)

આ ત્રણ સવાલના સંતોષકારક જવાબ આપી શકો તો તમે તમને જાણો છો, એમ સમજજો. પરંતુ આપણી કમનસીબી છે કે આપણે આપણા વિષે જાણતા નથી. આપણે આપણું જીવન બીજા માટે વેડફી નાંખીએ છીએ. જો આપણે જ આપણી ઓળખ નહીં કરીએ તો બીજું કોણ કરશે? અને આપણી જાતને ઓળખવાનો સમય આજે જ છે. હમણાં આ કામ નહીં કરીએ તો ક્યારે કરીશું?

આ પ્રશ્ન આધ્યાત્મિકતાનું આરંભબિંદુ છે. જૈન દર્શન પ્રમાણે આપણું સાચું અસ્તિત્વ આપણો આત્મા છે. જન્મ્યા ત્યારથી આપણે એક અધૂરી ધારણા સાથે જીવી રહ્યા છીએ કે - હું એટલે કેવળ એક મનુષ્ય. મનુષ્ય હોવું એ આપણી સાચી ઓળખાણ નથી. મનુષ્યતા આપણી ઉપરછલ્લી ઓળખ છે. આપણી સાચી ઓળખ આપણો આત્મા છે.

આપણા આત્માની બે ખાસિયત છે, એમ કહો કે આત્માની ઓળખ આ બે ખાસિયતો દ્વારા થાય છે. એક, આત્મામાં જ્ઞાન છે. આપણે જાણી શકીએ છીએ, સમજી શકીએ છીએ. બે, આત્મામાં સુખ છે. જડ વસ્તુઓમાં જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. વૈદિક પરંપરામાં આત્માને સત્, ચિત્ અને આનંદ કહ્યો છે. સત્ એટલે હકિકત છે, કલ્પના નથી. ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ એટલે સુખ.

આજે આપણી આ બે ખાસિયતો ઢંકાયેલી છે, કેમ કે આત્મા પર આવરણ છે. સહુથી બહાર શરીરનું આવરણ છે, તેની ઉપર વિચારોનું આવરણ છે, તેની ઉપર લાગણીઓનું આવરણ છે, તેની ઉપર સંસ્કારોનું આવરણ છે અને તેની ઉપર કર્મોનું આવરણ છે કે અનેક પ્રકારનાં કર્મનાં આવરણોમાં સહુથી મજબૂત આવરણ મોહનું છે. મોહને કારણે આત્માની જ્ઞાન અને સુખ ખાસિયતો ઉંધી દિશામાં જઇ રહી છે. આપણે જ્ઞાન બહાર શોધીએ છીએ, સુખ બહાર શોધીએ છીએ. મોહને કારણે ખોટી ધારણા બંધાઇ છે કે- મારું અસ્તિત્વનું કેંદ્રબિંદુ શરીર છે અને દુનિયાના સુખો તેની પૂર્તિ માટે જરૂરી છે. આ ધારણા જનમોજનમથી ચાલી આવી છે. તેને કારણે ધારણા એટલી દૃઢ બની ગઇ છે કે તે રેશમની દોરીની ગાંઠ જેવી થઇ ગઇ છે. આ ગાંઠનું નામ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એટલે આપણા વિષેની ખોટી સમજ-ખોટી ધારણા. શાસ્ત્રમાં તેને જ ગ્રંથિ કહેવામાં આવે છે. આ ગ્રંથિનો ભેદ થાય પછી સમ્યક્ત્વ પ્રગટે. સમ્યક્ત્વ એટલે આત્માની સાચી સમજ, આગળ વધીને આત્માની રૂ-બ-રૂ મુલાકાત.

**લીખા લીખી કી હૈ નહીં. દેખા દેખી બાત,**
**દુલ્હા દુલ્હન મિલ ગયે ફીકી પડી બારાત.**

સમ્યક્ત્વ આપણો સ્વભાવ છે. તે મેળવવાનો નથી, કેવલ આપણી સમજને બદલવાની છે. જનમોજનમથી આડી આવતી ધારણાઓને બદલવી સહેલી નથી. તે સમજથી જ બદલી શકાય છે. જીવનનું કેંદ્રબિંદુ શરીર નથી, આત્મા છે, આ પ્રતીતિ સમ્યગ્દર્શન છે. તે પ્રગટે પછી દુનિયાને જોવાની દૃષ્ટિ બદલાઇ જશે. જીવનનો અભિગમ બદલાઇ જશે. નવી દિશા પ્રાપ્ત થશે. આ સમ્યગ્દર્શન છે. નિશ્ચય સમ્યગ્દર્શન. પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે-

**દર્શન મોહ વિનાશથી, જે નિર્મલ ગુણઠાણ**
**તે નિશ્ચય સમકિત કહ્યું, તેહનાં એ અહિઠાણ.**

સમ્યગ્દર્શન જોઇ શકાતું નથી. સાકરની મીઠાશ જોઇ શકાતી નથી, ફૂલની સુગંધ જોઇ શકાતી નથી, કેવળ અનુભવી શકાય. તેમ સમ્યગદર્શન જોઇ શકાતું નથી, પણ અનુભવી શકાય. હનુમાને છાતી ચીરીને રામ બતાવ્યા એમ સમ્યગ્દર્શન બતાવી શકાય નહીં. સમ્યગ્દર્શનને પૂરવાર કરવાની જરૂર નથી હોતી, પણ આત્મામાં બદલાવ આવવાથી દૃષ્ટિમાં બદલાવ આવે અને દૃષ્ટિમાં બદલાવ આવવાથી વ્યવહારમાં બદલાવ આવે, તે જોઇ શકાય. તે દ્વારા સમ્યગ્દર્શનનું અનુમાન થઇ શકે. સમ્યગ્દર્શનની હાજરીમાં પ્રગટતો આચાર તે વ્યવહાર સમ્યગ્દર્શન છે.

શાસ્ત્રોમાં નિશ્ચય સમ્યગ્દર્શન પામવાની કર્મગ્રંથની પ્રક્રિયા અને સમ્યગ્દર્શનના વ્યવહારોનું વિવિધ સ્થળે વિસ્તૃત વર્ણન મળે છે. પૂજ્ય આચાર્યશ્રી **હરિભદ્રસૂરિજી** મહારાજે આ બધા મુદ્દાનું સંકલન કરી **સમ્યક્ત્વ-સમતિકા** રચી છે. અજ્ઞાત મહાત્માએ **સમ્યક્ત્વ કુલક** રચ્યું છે. ૧૫-૧૬ સદી પછી ગુજરાતી ભાષામાં આ વિષે ઘણી રચનાઓ થઇ છે. તેમાં એક મુનિશ્રી **ચરણકુમાર** વિરચિત **સમકિતની સજ્ઝાય** છે. મુનિ ચરણકુમાર ઉપાધ્યાય **કમલલાભ**ના શિષ્ય **દેવવિમલ**ના શિષ્ય છે. આ કૃતિમાં સમકિત કેવી રીતે પામી શકાય તેનું વર્ણન છે. તેમ જ સમકિત પામેલા આત્માની સોળ વિશેષતાઓ બતાવવામાં આવી છે. તે આ પ્રમાણે —

૧) સમકિતધારી આત્મા નવતત્ત્વનો અભ્યાસુ હોય.

૨) તેને આગમ ઉપર પ્રેમ હોય.

૩) તે પોતાના સ્વભાવથી ગુણોનો અનુરાગી હોય.

૪) તે અવગુણનો ત્યાગી હોય.

૫) તે ધીર હોય, ઉતાવળો ન હોય.

૬) તેને મનથી વિષય વિકાર ગમતા ન હોય.

૭) સમકિતી આત્મા વાદ-વિવાદ કે પરનિંદા કરતો ન હોય.

૮) મનમાં તીવ્ર રાગ-દ્વેષ કરે નહીં.

૯) તેના જીવનમાં સમતા, ઇંદ્રિયનો નિગ્રહ વગેરે ગુણો હોય.
૧૦) તે સ્યાદ્વાદને સમજતો હોય.
૧૧) તે કુમતિ કે કદાગ્રહને આગળ કરતો ન હોય.
૧૨) તે આત્માના સાચા સ્વરૂપનો જાણકાર હોય.
૧૩) તે દરેક વાતની હંસની જેમ પરીક્ષા કરે છે.
૧૪) તે ભગવાને કહેલા નયોના ભાવને જાણતો હોય.
૧૫) તે કર્મના પ્રકારને જાણતો હોય.
૧૬) તે બીજાના મર્મ ક્યારેય ખોલે નહીં.

આ સજ્ઝાયમાં કર્મગ્રંથ અને **સ્થાનાંગસૂત્ર**નાં ઉદ્ધરણ આપીને સમકિતનો મહિમા દર્શાવવામાં આવ્યો છે. સમકિતદૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ વચ્ચેનું અંતર અલગ અલગ સમજાવ્યું છે. અંતમાં કુશિષ્યને શિખામણ ન આપવી તે પણ જણાવ્યું છે.

અહીં, **ઉત્તરાધ્યયનસૂત્રમાં સમ્યક્ત્વ પરાક્રમ અધ્યયન** છે તેનો ઉલ્લેખ છે. મહાવીર સ્વામી ભગવાન પાસે સમકિતની માંગણી કરી છે.

સમ્યગ્દર્શન પામવા માટે ધારણા બદલવી પડે છે. ધારણા બદલવાના બે માર્ગ છે. એક, સાચી સમજ અને બે, ધ્યાન. સાચી સમજ એટલે માનસિક વાતાવરણ. માનસિક જગતમાં સમ્યગ્દર્શનને અનુકૂળ વાતાવરણ બનાવવા બહારના આલંબનો છે. મન બે પ્રકારનાં આલંબનોથી પ્રભાવિત થાય છે. એક, ચિત્ર અને બે, વિચાર. કલ્પના અને શબ્દ. આચરણ તેનું પૂરક બને છે. મનને સમ્યગ્દર્શન માટે જરૂરી વિચારો આપવા, સમજ આપવી. સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તે પછીની અવસ્થાની કલ્પના (વિઝ્યુલાઈઝેશન) કરવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા જરુરી છે. જેમ જેમ માનસિકતા બદલાતી જાય તેમ તેમ આપણે સમ્યગ્દર્શનની નજીક જઇ શકીએ છીએ. તે માટે ક્યા વિચારો જોઈએ? ક્યા ગુણો જોઇએ? તેનું વર્ણન આપણા માટે પથપ્રદર્શક બની રહે છે. આપણે સમ્યગદૃષ્ટિ છીએ કે નહીં તે તપાસવા માટે પણ આ ગુણોનું વર્ણન પરીક્ષારૂપ સાબિત થઇ શકે છે.

## સમાચાર



વિક્રમ સંવત ૨૦૭૯, આષાઢ સુદ ૧૩ શનિવાર તા. ૧ જૂલાઈ ૨૦૨૩ના શુભદિને પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાને શિષ્યરત્ન શ્રુતરત્ન પરમ પૂજ્ય ગણિવર્ય શ્રી **વૈરાગ્યરતિવિજયજી** મ.સા. તથા પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી **હર્ષરેખાશ્રીજી** મ.ની શિષ્યા પૂજ્ય સાધ્વીજી શ્રી **જિનરત્નાશ્રીજી** મ. આદિનો **શ્રી સુજય ગાર્ડન જૈન સંઘ, મુકુંદનગર પુના**માં ચાતુર્માસ પ્રવેશ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં થયો.





**૧૪થી ૧૭-૦૮-૨૦૨૩ સુજય ગાર્ડન જૈન સંઘ અને શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનના સંયુક્ત ઉપક્રમે ચાર દિવસીય પ્રાચીન દેવનાગરી લિપિ વર્કશોપ**નું આયોજન થયું હતું. આ વર્કશોપમાં ૪૫ લોકોએ ભાગ લીધો હતો. શ્રુતભવનના સંશોધન વિભાગના વડા શ્રી **અમિતજી ઉપાધ્યે** લિપિ શીખવી હતી.



તા. ૨૩-૦૬-૨૦૨૩ના દિવસે પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજય રાજરત્નસૂરીશ્વરજી** મ.સા. આદિ સાધુ-સાધ્વીજી ભગવંત શ્રુતભવન પધાર્યા.

તા. ૨૦-૦૮-૨૦૨૩ના દિવસે **શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશન** સંચાલિત **શ્રુતભવન સંશોધન કેંદ્ર** તથા **સુજય ગાર્ડન જૈન સંઘ** તરફથી **શ્રુતસંવાદ** કાર્યક્રમનું આયોજન થયું.




આ કાર્યક્રમમાં **ડૉ. જિતેંદ્ર બી. શાહે** અમારી **શ્રુતસંપદા ગઈકાલ, આજ અને આવતીકાલ** આ વિષય પર તેમના વિચારો રજૂ કર્યા. પૂજ્ય ગુરુદેવે **શ્રુતની મહત્તા** આ વિષય પર માર્ગદર્શન આપ્યું.

નવા **શ્રુતદીપ સંશોધન અને અધ્યયન કેંદ્ર**ના મોડલનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂ. સા. શ્રી **જીનરત્નાશ્રીજી** મ.સા. દ્વારા બ્રાહ્મી લિપિમાં લખાયેલા પુસ્તક **'બંભી તૂં શ્રુતદેવી'**નું વિમોચન સંપન્ન થયું. આ પ્રસંગે પ્રાચીન હસ્તલિખિત લેખન સામગ્રી અને શ્રુતભવન દ્વારા પ્રકાશિત પુસ્તકો અને



હસ્તલિખિત સૂચિપત્રોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મા. શ્રી **પ્રકાશજી ધારીવાલ**, સૌ. **દીના પ્રકાશજી ધારીવાલ**, મા. શ્રી **રાજેશજી સાંકલા**, મા. શ્રી **પ્રકાશજી ધોકા**, મા. શ્રી **એસ. કે. જૈન**, મા. શ્રી **દિનેશજી પરમાર**, મા. શ્રી **અમૃતલાલજી બાફના**, મા. શ્રી **સુરેશજી પરમાર**, મા. શ્રી **નગરાજજી ગુંદેશા**, મા. શ્રી **ઇંદરજી ચૌહાણ**, શ્રુતદીપ રિસર્ચ ફાઉન્ડેશનના તમામ ટ્રસ્ટીઓ અને સુજય ગાર્ડન જૈન સંઘના તમામ ટ્રસ્ટીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



તા. ૧૦-૦૯-૨૦૨૩ના દિવસે પૂ. આ. શ્રી **નરદેવસાગરસૂરીશ્વરજી** મ.સા.ની નિશ્રામાં **લેકટાઉન સોસાયટીમાં શ્રુતભવનનું** પ્રેઝન્ટેશન રજૂ થયું હતું. પ્રાચીન હસ્તલિખિત લેખન સામગ્રી અને શ્રુતભવન દ્વારા પ્રકાશિત પુસ્તકો અને હસ્તલિખિત કેટલોગનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. પૂજ્ય આચાર્ય ભગવંતે **શ્રુતનું મહત્ત્વ** વિશે પ્રવચન આપ્યું હતું.



તા. ૩૦-૦૯-૨૦૨૩થી ૦૧-૧૦-૨૦૨૩ દરમિયાન **સેઠ હિરાચંદ નેમચંદ જૈન અધ્યાસન-પુણે વિશ્વવિદ્યાલય** અને **વર્ધમાન એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, પુણે**ના સંયુક્ત ઉપક્રમે **જૈન શિક્ષણના વિવિધ આયામો** વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રુતભવન તરફથી **શ્રી અમિત ઉપાધ્યે**એ **પ્રાકૃત હસ્તલિખિતોનું સંપાદન** અને શ્રી **અમોઘ પ્રભુદેસાઈએ સોમચંદ્રગણિકૃત વૃત્તરત્નાકરવૃત્તિ-એક પરીક્ષણ** આ વિષયો પર શોધનિબંધ પ્રસ્તુત કર્યા.

તા. ૨૭-૦૮-૨૦૨૩ના દિવસે પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં સુજય ગાર્ડન જૈન સંઘમાં **શ્રી શ્રુતદેવી પૂજન** સંપન્ન થયું. પૂજનના લાભાર્થી- **શ્રી રાજેન્દ્રકુમાર મોહનલાલજી બાઠિયા પરિવાર**.



તા. ૦૮-૦૭-૨૦૨૩ના દિવસે International School for Jain Studiesનો ડાયરેક્ટર ડૉ. **શ્રીનેત્ર પાંડેજી** તેમના વિદેશી વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે શ્રુતભવન આવ્યા હતા. સાવિત્રીબાઈ ફૂલે પુણે વિદ્યાપીઠના જૈન અધ્યાસન પ્રમુખ **કે.કે. જૈન** પણ આવ્યા.





તા. ૩૦-૦૮-૨૦૨૩ થી ૦૧-૦૯-૨૦૨૩ દરમિયાન કવિકુલગુરુ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટી, રામટેક (નાગપુર) દ્વારા આયોજિત **"ભારતીય નાટ્ય અને નાટ્યશાસ્ત્રમાં પ્રાકૃતનું યોગદાન"** ચર્ચાસત્રમાં શ્રુતભવન વતી શ્રી **અમોઘજી પ્રભુદેસાઈ**એ **'ભાણોંમાં પ્રાકૃતના પ્રયોગ - કેટલાક અવલોકનો'** વિષય પર એક શોધનિબંધ રજૂ કર્યો.

શ્રુતભવનના અધિકારીઓએ પૂનાના વિવિધ સંઘોમાં પ્રસ્તુતીકરણ કર્યા. પૂ. આ. શ્રી **રાજરત્નસૂરીશ્વરજી** મ.સા. (ગોટીવાલા ધડા), પૂ. આ. શ્રી **જિતરત્નસાગરસૂરીશ્વરજી** મ.સા. (વર્ધમાનપુરા),પૂ. પં.શ્રી **જિતરક્ષિતવિજયજી** મ.સા. (ગોડીજી મંદિર), પૂ. પં.શ્રી **અર્હંપ્રભવિજયજી** મ.સા. (ઈશા એમરલ્ડ), પૂ. મુ. શ્રી **નંદીભૂષણવિજયજી** મ.સા. (પંચદશા ઓસવાલ ધડા), પૂ. મુ. શ્રી **મુક્તિભૂષણવિજયજી** મ.સા. (ટીમ્બર માર્કેટ), પૂ. મુ. શ્રી **નિર્મલયશવિજયજી** મ.સા. (કેમ્પ), પૂ.મુ. શ્રી **પીયૂષચંદ્રવિજયજી** મ.સા. (તળેગાંવ)



તા. ૨૭-૦૯-૨૦૨૩ના દિવસે ધરોહર સંસ્થાના સંસ્થાપક શ્રી **સંજયજી સિંઘલ**, **હિંદુ સ્પિરિચ્યુઅલ સેવા ફાઉંડેશન**ના મહારાષ્ટ્ર પ્રદેશાધ્યક્ષ શ્રી **અશોકજી ગુંદેચા**, **હિંદુ સ્પિરિચ્યુઅલ સેવા ફાઉંડેશન**ના મહારાષ્ટ્ર ઉપાધ્યક્ષ, મહારાષ્ટ્ર ગોસેવા આયોગના સદસ્ય તથા **ઈસ્કોન પુણે**ના ઉપાધ્યક્ષ **શ્રીમાન શ્વેતદ્વીપ દાસ** (શ્રી સંજય ભોસલે) શ્રુતભવન પધાર્યા.






રવિવાર તા. ૦૩-૦૯-૨૦૨૩ના દિવસે સુજય ગાર્ડન **જૈન સંઘ**, મુકુંદનગરના ઉપક્રમે **'સાયન્સ અને જૈન વિજ્ઞાન'** આ વિષય પર જ્ઞાનસત્ર સંપન્ન થયું. આ જ્ઞાનસત્રમાં **'સાયંટિફિક બેઝ ઓફ જૈનિઝમ'** આ વિષય પર ડૉ. **સમ્રાટ શાહે** વ્યાખ્યાન આપ્યું.



બીજાં વ્યાખ્યાનમાં આર્કિટેક્ટ **'શ્રી મયંકભાઈ બડજાત્યા'**એ **'ભક્તામર સ્તોત્ર અને ઊર્જાવિજ્ઞાનનો સંબધ'** રજુ કર્યો હતો. જ્ઞાનસત્રના નિશ્રાદાતા **શ્રુતરત્ન પૂજ્ય ગણિવર શ્રી વૈરાગ્યરતિવિજયજી મ.સા.** એ પ્રશ્નોત્તર સત્રમાં **'જૈન દર્શનમાં સમયની વિભાવના અને પરમાણુ વિજ્ઞાન'** વિશે મહત્ત્વના મુદ્દાઓ રજૂ કર્યા. આ જ્ઞાનસત્રમાં ૫૦૦ લોકોએ ભાગ લીધો હતો. મંચનું સંચાલન **રમેશજી ગાંધી**એ કર્યું હતું.

રાત્રે ૮ વાગ્યે **'પાહિનીદેવી'**નો સોલો એક્ટ રજૂ કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રી પ્રાકૃતના વ્યાકરણનિર્માતા આચાર્યશ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી** મ.ની જીવન પ્રસંગની સંવેદનશીલ રજૂઆત કરવામાં આવી હતી.

## કાર્યવિવરણ

**શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ** અંતર્ગત **પૃથ્વીચંદ્રચરિત્ર, ગૌતમસ્વામિ સ્તોત્ર સહ ટીકા, છંદવિષયક ગ્રંથ, પ્રાકૃત લઘુકૃતિસંગ્રહ, શાશ્વતજિનચૈત્યસ્તવન, રાક્ષસકાવ્ય સહ ટીકા, પાર્શ્વજિનસ્તવ સહ અવચૂરિ, હિતશિક્ષાષટ્ત્રિંશિકા, ચંદ્રપ્રભજિનસ્તુતિ** આદિ ગ્રંથોનું સંપાદન કાર્ય ચાલુ છે. પૂ. સા. શ્રી **મધુરહંસાશ્રીજી** મ. **આત્મનિંદા** ગ્રંથનુ લિપ્યંતર કરે છે. પૂ. સા. શ્રી **ધન્યહંસાશ્રીજી** મ. **પાર્શ્વજિનસ્તવ** ગ્રંથનું લિપ્યંતર કરે છે. અભ્યાસ વર્ગ પ્રકલ્પમાં વિભિન્ન ગ્રંથોનું સંપાદનવિધાની પદ્ધતિના અધ્યયન ચાલુ છે.

**વર્ધમાન જિનરત્નકોશ પ્રકલ્પ** અંતર્ગત પૂ. આ શ્રી **મુનિચંદ્રસૂ.** મ.સા., પૂ. આ શ્રી **અભયદેવસૂ.** મ.સા., પૂ. આ શ્રી **કુલબોધિસૂ.** મ.સા.,પૂ. આ શ્રી **હર્ષવર્ધનસૂ.** મ.સા.,પૂ. **આ શ્રી જયદેવસૂ. મ.સા.**,પૂ. પં શ્રી **અસંગયોગવિ.** મ.સા.,પૂ. મુ. શ્રી **ધર્મરત્નવિ.** મ., પૂ. મુ. શ્રી **ઋજુશેખરવિ.** ગ.,પૂ. મુ. શ્રી **વંદનરુચિવિ.** મ., પૂ. મુ. શ્રી **ચંદ્રદર્શનવિ.** મ., પૂ. મુ. શ્રી **મંગલયશવિ.** મ., પૂ. મુ. શ્રી **પાર્શ્વસુંદરવિ.** મ., પૂ. મુ. શ્રી **તીર્થયશવિ.** મ., પૂ. મુ. શ્રી **કૃપારત્નવિ.** મ., પૂ. મુ. શ્રી **મેહુલપ્રભસાગર** મ., પૂ. મુ. શ્રી **અભિનંદનચંદ્રસાગર** મ., પૂ. મુ. શ્રી **વિનયચંદ્રસાગર મ.**, શ્રી **મહેંદ્ર જૈન**, શ્રી **ભૂષણ શાહ**, પ્રા. **પીટર ફ્લુગલ** તથા શ્રી **મહેશ દેસાઈ**ને હસ્તપ્રત સંબંધિ માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવોની નામાવલી

શ્રી હાલારી વિશા ઓસવાલ આદિજિન સેવા ટ્રસ્ટ,
શ્રી આદિનાથ જિન મંદિર, જામનગર
શ્રી હરેનભાઈ કાંતિલાલ શાહ પરિવાર, પુણે
શ્રી અભયજી શ્રીશ્રીમાળ, અભૂષા ફાઉંડેશન, ચેન્નઈ
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સુધારા ખાતાની પેઢી, મહેસાણા
શ્રી હસમુખલાલ એમ. શાહ, મુંબઈ
સૌ. કવિતાબેન રિતેશભાઈ કોઠારી, પુણે
શ્રી મદુરાઈ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મદુરાઈ
સૌ. સીમા સંતોષ દોશી, પુણે

શ્રી અર્પિત સંતોષ દોશી, પુણે
શ્રી સમકિત સંતોષ દોશી, પુણે
શ્રી સંતોષ હિરાલાલ દોશી, પુણે
શ્રી ગોડી પાર્શ્વનાથ લુંકર ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ
ટ્વિંકલબેન શાહ (USA)
હિમ્મતલાલ તારાચંદ વ્હોરા, પુણે
હેમચંદ્ર પરિવાર, માઢા
કોઠારી પરિવાર, લેકટાઉન, પુણે
શ્રી દલપતરાજજી બોહરા, લેકટાઉન, પુણે
શ્રી હર્ષદભાઈ મેહતા, લેકટાઉન, પુણે
શ્રી સુભાષભાઈ જૈન, લેકટાઉન, પુણે
શ્રી ચંદ્રકમલ નાગાવત, લેકટાઉન, પુણે
શ્રી જિગરભાઈ પારેખ, લેકટાઉન, પુણે

શ્રી ઉપેશભાઈ શાહ, લેકટાઉન, પુણે
શ્રી અમીચંદજી ગાંધી, લેકટાઉન, પુણે
શ્રી સંજીવ શાહ, લેકટાઉન, પુણે
શ્રી ગૌતમ કાઠેડ, લેકટાઉન, પુણે
ભાગ્યાનંદ સામાયિક મંડલ, લેકટાઉન, પુણે
ફેન્સીબેન અશોકકુમાર ગોલેછા, મદુરાઈ
શ્રી નિરવ સલોત, લેકટાઉન, પુણે
અશોક એન્ડ કંપની, મદુરાઈ
કામનાબેન બારમેચા, પુણે
રાહુલ શાહ, લેકટાઉન, પુણે
સૌ. જ્યોત્સ્નાબેન પ્રવિણભાઈ ભોગીલાલ પરિવાર, અમદાવાદ
સુમિત કટારિયા, લેકટાઉન, પુણે

શ્રેયસ શાહ, લેકટાઉન, પુણે
ઓમસ્તુતિ સચિન શાહ, લેકટાઉન, પુણે
સોનિગ્રા પરિવાર, લેકટાઉન, પુણે
શ્રી નીરવ શાહ, લેકટાઉન, પુણે
રમિલા લોડાયા, લેકટાઉન, પુણે
શાશ્વતી ગ્રુપ લેકટાઉન, પુણે
શ્રી રાજેશ જેઠમલ મેહતા, લેકટાઉન, પુણે
કવિતા ચોપડા, લેકટાઉન, પુણે
શ્રી કુશલ પારેખ, લેકટાઉન, પુણે
લતા પારેખ, લેકટાઉન, પુણે
શ્રી અક્ષય શાહ, લેકટાઉન, પુણે
શ્રી હિતેશભાઈ ચંપાલાલ સુરાણા

## પ્રતિભાવ

It is truly inspiring to see such a hard and serious intellectual effort to preserve this knowledge for mankind. I have much to learn from this example. Jai Jinendra.

**- Leonardo Stockler (Brazil)**

I visited the institute first time and found the projects going on very important topics. Scholars working on the projects and officials are very learned. I appreciate the effort of the institute and their contribution to academics.

**Dr. Shrinetra Pandey,**
**(Director (Acting),**
**International School for Jain Studies, Shivajinagar, Pune)**

## સુવાક્ય

**આત્માને પૂછેલા દરેક સવાલનો**
**જવાબ મળે જ છે. પ્રશ્ન એટલો જ**
**છે કે- આત્મા જે જવાબ આપશે તે**
**આપણે સાંભળવા તૈયાર છીએ?**

-The Immortal Heart
- સેરદાર ઓસ્કાન

## Printed Matter

**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

**To,**


## From : Shrutbhavan Research Centre

**(Initiation of Shrutdeep Research Foundation)**

47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutdeep.com



For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutdeep YouTube channel

Shrutbhavan Pune